### રાજ્યભરમાં વહીવટી તંત્રમાં મોટો ફેરફાર

# TDO સંવર્ગના અધિકારીઓની મોટાપાયે બદલી અને 118 કર્મચારીઓને બઢતી

## બઢતીઓ ગુજરાત હાઈકોર્ટના અંતિમ ચુકાદાને આધીન રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.30

સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં વહીવટી હિતને ધ્યાનમાં રાખીને ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ (તાલુકા વિકાસ અધિકારી - TDO) સંવર્ગમાં મોટાપાયે બદલી અને બઢતીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. તા. ૩૦ માર્ચ ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલી અધિસૂચના મુજબ અગાઉ તા. ૧૮/૦૨/૨૦૨૬ના રોજ કરાયેલા પાંચ અધિકારીઓના બદલીના હુકમો રદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્યભરમાં હાલ ફરજ બજાવતા અંદાજે ૩૫ જેટલા વર્ગ-૨ અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે.

સાથે જ પંચાયત તથા રાજ્ય સેવા વર્ગ-૩ના કુલ ૧૧૮ કર્મચારીઓને હંગામી અને કામચલાઉ ધોરણે બઢતી આપી TDO તરીકે નવી નિમણૂક આપવામાં આવી છે. આ બઢતીઓ નામદાર ગુજરાત હાઈકોર્ટના અંતિમ ચુકાદાને આધીન રહેશે. મધ્ય ગુજરાતના વડોદરા, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદ, ખેડા, આણંદ અને મહીસાગર સહિતના જિલ્લાઓમાં પણ મોટી સંખ્યામાં અધિકારીઓની બદલી અને બઢતી કરવામાં આવી છે. સંબંધિત નિયંત્રણ અધિકારીઓને તમામ અધિકારીઓને તાત્કાલિક ફરજમુક્ત કરી નવી જગ્યાએ હાજર કરવાની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

### વડોદરા જિલ્લો

- **મહેશ પરષોત્તમભાઈ વિરાણી:** ખેરગામ (નવસારી) થી બદલી થઈ તાલુકા વિકાસ અધિકારી, શિનોર ખાતે.
- **ચંદ્રકાંતસિંહ રણછોડભાઈ પઢિયાર:** ગીર-સોમનાથથી બદલી થઈ ચીટનીશ-કમ-TDO (જમીન દબાણ), વડોદરા ખાતે.
- **પાયલબેન ભરતભાઈ ચૌધરી:** ગાંધીનગરથી બદલી થઈ તાલુકા વિકાસ અધિકારી, કરજણ ખાતે.
- **દિનેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ:** આણંદથી બઢતી મેળવી તાલુકા વિકાસ અધિકારી, ડેસર ખાતે.
- **બલરામસિંઘ મહેશબાબુ ચાદવ:** વડોદરાથી બઢતી મેળવી TDO, કદવાલ (છોટાઉદેપુર) ખાતે.

### પંચમહાલ જિલ્લો

- **પાર્થકુમાર કિરીટભાઈ પટેલ:** જાંબુઘોડા ખાતેની બદલી રદ થતા TDO, શહેરા ખાતે યથાવત્.
- **ધર્મેન્દ્રકુમાર કીકાભાઈ ગરાસીયા :** ગોધરાથી બદલી થઈ TDO, હાલોલ ખાતે.
- **જય મહેશકુમાર શુક્લ:** કાલોલથી બદલી થઈ ચીટનીશ-કમ-TDO, પંચમહાલ ખાતે.
- **નરેન્દ્રસિંહ અર્જુનસિંહ ચાવડા:** દાહોદથી બઢતી મેળવી TDO, ગોધરા ખાતે.
- **દેવેનકુમાર પોપટલાલ પટેલ:** પાટણથી બઢતી મેળવી TDO, જાંબુઘોડા ખાતે.
- **રાજુભાઈ પુંજાભાઈ પ્રજાપતી:** આણંદથી બઢતી મેળવી TDO, કાલોલ ખાતે.
- **હરદેવસિંહ જસવંતસિંહ ચૌહાણ:** પંચમહાલથી જ બઢતી મેળવી TDO (ગ્રામ વિકાસ), ઘોઘંબા ખાતે.

(પંચમહાલથી અન્યત્ર) **શિલ્પાબેન ભીખાભાઈ પટેલ** (લીમડી, દાહોદ), **ભુપેન્દ્રસિંહ મંગળભાઈ બારીઆ** (દેવગઢબારીયા, દાહોદ), **દિવ્યરાજસિંહ વિષ્ણુકુમાર પરમાર** (સંજેલી, દાહોદ), **અશ્વિનકુમાર બળવંતસિંહ પટેલ (ભરૂચ), અને અજીતકુમાર નાથાભાઈ ડામોર** (કુકરમુંડા, તાપી)

### છોટાઉદેપુર જિલ્લો

- **બલરામસિંઘ મહેશબાબુ ચાદવ:** વડોદરાથી બઢતી મેળવી TDO, કદવાલ ખાતે.
- **ચોગેશકુમાર મંગળસિંહ બારીઆ:** દાહોદથી બઢતી મેળવી TDO, જેતપુરપાવી ખાતે.

(છોટાઉદેપુરથી અન્યત્ર) **નિરજકુમાર જગદીશભાઈ વસાવા** (તિલકવાડા, નર્મદા), **નાનાભાઈ એમ.રાઠવા** (ઝાલોદ, દાહોદ), **કિરીટભાઈ કુતરભાઈ રાઠવા** (સુખસર, દાહોદ), અને **અમરદાસભાઈ આઈ.રાઠવા** (વાલોડ, તાપી) ખાતે બઢતી પામ્યા છે.

### દાહોદ જિલ્લો

- **ગીરીશકુમાર ખોડીદાન ગઢવી:** બનાસકાંઠાથી બઢતી મેળવી TDO, ધાનપુર ખાતે.
- **પ્રકાશભારથી હરિભારથી ગૌસ્વામી :** બનાસકાંઠાથી બઢતી મેળવી TDO, ફતેપુરા ખાતે.
- **શિલ્પાબેન ભીખાભાઈ પટેલ:** પંચમહાલથી બઢતી મેળવી TDO, ગોવિંદગુરૂ લીમડી ખાતે.
- **ભુપેન્દ્રસિંહ મંગળભાઈ બારીઆ :** પંચમહાલથી બઢતી મેળવી TDO, દેવગઢબારીયા ખાતે.
- **દિવ્યરાજસિંહ વિષ્ણુકુમાર પરમાર :** પંચમહાલથી બઢતી મેળવી TDO, સંજેલી ખાતે.
- **નાનાભાઈ એમ.રાઠવા :** છોટાઉદેપુરથી બઢતી મેળવી TDO, ઝાલોદ ખાતે.
- **કિરીટભાઈ કુતરભાઈ રાઠવા:** છોટાઉદેપુરથી બઢતી મેળવી TDO, સુખસર ખાતે.

(દાહોદથી અન્યત્ર) **ચોગેશકુમાર મંગળસિંહ બારીઆ** (જેતપુરપાવી, છોટાઉદેપુર) **અને નરેન્દ્રસિંહ અર્જુનસિંહ ચાવડા** (ગોધરા, પંચમહાલ) ખાતે બઢતી પામ્યા છે.

### ખેડા જિલ્લો

- **ઉમેદકુમાર ચતુરભાઈ સોલંકી :** માતરથી બદલી થઈ TDO, ખેડા ખાતે.
- **સંજયકુમાર મહેન્દ્રકુમાર શાહ :** ખેડામાં જ બઢતી મેળવી TDO, નડિયાદ ખાતે.
- **કિશોરભાઈ જયકૃષ્ણભાઈ આચાર્ય:** અમરેલીથી બઢતી મેળવી TDO, ફાગવેલ ખાતે.
- **મયુરસિંહ મહેન્દ્રસિંહ વાળા:** ભાવનગરથી બઢતી મેળવી TDO, માતર ખાતે.
- **સુભાષસિંહ ભાઈજીભાઈ વાઘેલા :** આણંદથી બઢતી મેળવી TDO, વસો ખાતે.
- **સર્ફરાજભાઈ સિરાજભાઈ વહોરા :** આણંદથી બઢતી મેળવી TDO, ગલતેશ્વર ખાતે.
- **જીતેન્દ્રભાઈ ભીખાભાઈ પઢિયાર :** આણંદથી બઢતી મેળવી TDO, કપડવંજ ખાતે.

(ખેડાથી અન્યત્ર) **હર્ષદકુમાર દુધાભાઈ રાઠોડ** (ખંભાત, આણંદ) **અને પરેશકુમાર શામજીભાઈ પરમાર** (ઉમરગામ, વલસાડ) ખાતે બઢતી પામ્યા છે.

### મહીસાગર જિલ્લો

- **રાકેશગીરી ઈશ્વરગીરી ગોસ્વામી:** મહેસાણાથી બઢતી મેળવી TDO, લુણાવાડા ખાતે.
- **કલ્પેશકુમાર ભગુભાઈ મોઢપટેલ:** પાટણથી બઢતી મેળવી TDO, કડાણા ખાતે.
- **ગણપતભાઈ ગલાભાઈ ઝાલા:** મહીસાગરમાં જ બઢતી મેળવી TDO, કોઠંબા ખાતે.

(મહીસાગરથી અન્યત્ર) **મૌલિકકુમાર હરિપ્રસાદ શર્મા:** લુણાવાડાથી બદલી થઈ TDO, કલોલ (ગાંધીનગર) ખાતે.

**રાજ્યભરમાં હાલ ફરજ બજાવતા અંદાજે ૩૫ જેટલા વર્ગ-૨ અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી**

### આણંદ જિલ્લો

- **નિમેશકુમાર અરવિંદભાઈ પટેલ:** તાપીથી બદલી થઈ TDO, સોજીત્રા ખાતે.
- **ભરતકુમાર વેલજીભાઈ પટેલ:** બનાસકાંઠાથી બઢતી મેળવી TDO, તારાપુર ખાતે.
- **સુવૃતા વિજયકુમાર ભાવસાર:** આંકલાવથી બદલી થઈ ચીટનીશ-કમ-TDO (જમીન દબાણ), આણંદ ખાતે.
- **રાહુલકુમાર પ્રકાશચંદ્ર ત્રિવેદી:** ગાંધીનગરથી બઢતી મેળવી TDO, આંકલાવ ખાતે.
- **જયદિપસિંહ ઘનશ્યામસિંહ ઝુલા:** ખંભાતથી બદલી થઈ મદદનીશ પ્રાયોજના અધિકારી, આણંદ ખાતે.
- **હર્ષદકુમાર દુધાભાઈ રાઠોડ:** ખેડાથી બઢતી મેળવી TDO, ખંભાત ખાતે.

(આણંદથી અન્યત્ર) **રોનકકુમાર એમ. પટેલ** (દસક્રોઇ, અમદાવાદ) ખાતે બદલી પામ્યા છે. બઢતી પામીને અન્યત્ર જનાર અધિકારીઓમાં **ધર્મેશકુમાર કનુભાઈ પરમાર** (જંબુસર, ભરૂચ), **પ્રદીપસિંહ જશવંતસિંહ ચૌહાણ** (જોડીયા, જામનગર), **શૈલેશકુમાર પૂનમભાઈ બારોટ** (વાંસદા, નવસારી), **સુભાષસિંહ ભાઈજીભાઈ વાઘેલા** (વસો, ખેડા), **દિનેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ** (ડેસર, વડોદરા), **સર્ફરાજભાઈ સિરાજભાઈ વહોરા** (ગલતેશ્વર, ખેડા), **જીતેન્દ્રભાઈ ભીખાભાઈ પઢિયાર** (કપડવંજ, ખેડા), અને **રાજુભાઈ પુંજાભાઈ પ્રજાપતી** (કાલોલ, પંચમહાલ) નો સમાવેશ થાય છે.

---

### પ્રતાપનગરમાં તંત્રની પોલ ખુલી

# ભ્રષ્ટાચારના ભુવામાં પાલિકાનું જ ટ્રેક્ટર ગરકાવ, લોકોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા મહાનગર સેવા સદનના ભ્રષ્ટાચારના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ આજે પ્રતાપનગર-બાવરી કુંભારવાડા વિસ્તારમાં એક અજીબોગરીબ કિસ્સો જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા કરવામાં આવેલા નબળા પુરાણ અને ભ્રષ્ટાચારના કારણે પડેલા ભુવામાં પાલિકાનું જ રેતી ભરેલું ટ્રેક્ટર ફસાઈ ગયું હતું. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી તથા રોડ બનાવવાની પદ્ધતિ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. પ્રતાપનગર વિસ્તારના બાવરી કુંભારવાડા પાસે વીએમસીનું એક ટ્રેક્ટર રેતી ભરીને પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન અચાનક રોડનો એક મોટો હિસ્સો બેસી ગયો હતો



અને જોતજોતામાં ટ્રેક્ટરનું પાછળનું ટ્રેલર ઊંડા ભુવામાં ગરકાવ થઈ ગયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ટ્રેક્ટર એટલી ખરાબ રીતે ફસાયું હતું કે તેને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આ ઘટનાને કારણે આસપાસના વાહનવ્યવહાર પર પણ માઠી અસર પડી હતી. ઘટના સ્થળે એકઠા થયેલા સ્થાનિક રહીશોએ પાલિકાના વહીવટ સામે ફીટકાર વરસાવ્યો હતો. વોર્ડ નંબર 14 ના રહીશોએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના લોકો શહેરનો સૌથી વધુ વેરો ભરે છે, છતાં તેમને પાયાની સુવિધાઓ માટે વલખાં મારવા પડે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ રસ્તો છેલ્લા બે મહિનામાં જ ત્રણથી ચાર વાર બનાવવામાં આવ્યો છે. તેમ છતાં, ઉનાળાની 40-42 ડિગ્રી ગરમીમાં ડામર ઓગળી રહ્યો છે અને સામાન્ય વજનમાં પણ રોડ બેસી રહ્યા છે. એક જાગૃત નાગરિકે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, "પાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો માત્ર ઉપરછલ્લી કામગીરી કરે છે. જૂના ખાડાઓ પર પ્રોપર પુરાણ કર્યા વગર જ ઉપર ડામરનું પડ ચઢાવી દેવાય છે, જે લાલી-લિપસ્ટિક જેવું કામ છે. જ્યારે વાસ્તવિકતા સામે આવે છે ત્યારે ખબર પડે છે કે અંદરથી પોલાણ છે."

---

### લીસ્ટેડ બુટલેગર સહિત 6 આરોપી ઝડપાયા,લિકર કિંગ લાલુ સિંધી સાથે 10 વોન્ટેડ

# રાધીયાપુરામાં કટીંગ વખતે જ SMCની રેડ, રૂ.43.46 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તાજેતરમાં જ જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની સફળ રેડ કરાઈ હતી. ત્યારે ફરિવારસ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને મળેલી બાતમીના આધારે વડોદરાની નંદેસરી જીઆઈડીસી નજીક રાધીયાપુરા ગામે ગૌતમ પઢીયારની જમીનમાં વિદેશી દારૂના કટીંગ કરાતું હતું તે સમય દરમિયાન જ એસએમસી દ્વારા રેડ કરવામાં આવી હતી.

જેમાં સ્થળ પરથી 43.46 લાખ રૂપિયા નો વિદેશી દારૂ, 8 વાહનો, 11 મોબાઈલ, રોકડ રકમ રૂપિયા 1.40 કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે સ્થળ પરથી મનોજ ઉર્ફે પાપડ શંકર નરસીંગાની, સુનિલ મોતીલાલ ટેલર (દરજી),ધર્મેન્દ્ર ઉર્ફે લાલો સંપતસિંહ ચૌહાણ, જીતેન્દ્ર ઉર્ફે જીતુ સંપતસિંહ ચૌહાણ, વિક્રમસીંગ દિવાનસીંગ તથા કીર્તિકુમાર નાનાલાલ મીણાઆરોપીઓને ઝડપી પાડ્યા છે. જ્યારે 10 આરોપીઓ લાલચંદ ઉર્ફે લાલુ સિંધી હેમંતદાસ ખાનાણી, સુનિલ ઉર્ફે અદો પ્રકાશ કેવલરામાણી, મોહિત ઉર્ફે બોબડો દિલીપ અગ્રવાલ, હિમાંશુ ઉર્ફે ભોલો દિલીપ અગ્રવાલ



કાલુ ઉર્ફે ટોપી સુંદરલાલ તેલવાની, સેલવાસથી દારૂ ભરી આપનાર દિપેન દિનેશ વાળા, વિનોદ વિજયગીરી ગોસ્વામી, ગૌતમભાઈ પઢીયાર (410) ટાટા ટ્રકનો ડ્રાઈવર નહીં પકડાતા તેમને વોન્ટેડ જાહેર કરીને શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ મામલે નંદેસરી પોલીસ સ્ટેશન ખાતે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા આરોપીઓ અને મુદ્દા માલ સોંપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પકડાયેલા તથા વોન્ટેડ આરોપીઓમાં કેટલાક સામે પ્રોહિબીશન એક્ટ હેઠળ અનેક ગુનાઓ નોંધાયેલા છે. ખાસ કરીને સુનિલ મોતીલાલ ટેલર સામે 110થી વધુ ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. રેડ દરમિયાન મુખ્ય આરોપી સુનિલ મોતીલાલ ટેલરને ઈજા પહોંચી હતી.

---

### 'વન ડે, વન રોડ' ઝુંબેશ હેઠળ પાલિકાના આકરા તેવર

# ખોડીયારનગર-ચાણક્યપુરીમાં દબાણોનો સફાયો, ત્રણ ટ્રક સામાન જપ્ત કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરને ટ્રાફિકમુક્ત અને સુવ્યવસ્થિત બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલી 'વન ડે, વન રોડ' ઝુંબેશ આજે વધુ વેગવંતી બની હતી. શહેરના પૂર્વ અને ઉત્તર ઝોનમાં આવતા વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાએ ત્રાટકીને રસ્તામાં અડચણરૂપ થતા અનેક હંગામી દબાણો દૂર કર્યા હતા. આ કામગીરી દરમિયાન કુલ ત્રણ ટ્રક જેટલો માલ સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. કોર્પોરેશનની ટીમ દ્વારા આજે ન્યુ વીઆઈપી રોડ પર ખોડીયારનગર ચાર રસ્તાથી હરણી માણેક પાર્ક સુધીના માર્ગ પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ માર્ગ પર રસ્તાની બંને બાજુએ ઉભા રહેતા ગેરકાયદે ખાણી-પીણીની



લારીઓ, ચા-પાણીના ગલ્લા તેમજ ફ્રુટ વેચનારાઓના કામચલાઉ તંબુઓ આ તમામ અડચણોને જેસીબીની મદદથી દૂર કરવામાં આવી હતી. દુકાનદારો દ્વારા ફૂટપાથ અને રોડ પર રાખવામાં આવેલો વધારાનો સામાન પણ જપ્ત કરવામાં આવ્યો હતો. અહીંથી અંદાજે એક ટ્રક જેટલો સામાન કબજે લેવાયો હતો. આવી જ રીતે, શહેરના વોર્ડ નં. 2 માં સમા-ચાણક્યપુરી ચાર રસ્તા પાસે 'વન ડે, વન રોડ' અંતર્ગત કામગીરી ચાલી રહી હતી. આ કામગીરીમાં અવરોધરૂપ બનતા ગેરકાયદે દબાણો પર પાલિકાની દબાણ શાખાએ સપાટો બોલાવ્યો હતો. આ વિસ્તારમાંથી ફૂટપાથ અને માર્ગો પર કબજો જમાવીને બેઠેલા ફેરિયાઓ અને ગેરકાયદે બાંધકામો હટાવી બે ટ્રક જેટલો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી આ આકસ્મિક કાર્યવાહીથી દબાણકર્તાઓમાં ફાળ પડી ગઈ છે. વારંવાર સૂચના આપવા છતાં રસ્તાઓ રોકીને વેપાર કરતા લોકો સામે હવે તંત્રએ લાલ આંખ કરી છે. આ કામગીરીને પગલે આ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યામાં મોટી રાહત મળશે તેવું જણાઈ રહ્યું છે. આગામી દિવસોમાં શહેરના અન્ય મુખ્ય માર્ગો પર પણ આ પ્રકારે 'વન ડે, વન રોડ' અંતર્ગત સફાઈ અભિયાન ચાલુ રાખવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

---

### તંત્રની ઘોર બેદરકારી

# દંતેશ્વરમાં ગટરના લોખંડના ઢાંકણાની ચોરીનું કૌભાંડ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

સંસ્કારી નગરી વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી ગટરો પરથી લોખંડના ઢાંકણ ચોરાવાનું એક સુવ્યવસ્થિત કૌભાંડ ફૂલ્યું-ફાલ્યું હોય તેમ લાગી રહ્યું છે. શહેરના દંતેશ્વર વિસ્તારમાં વરસાદી ગટર પરથી લોખંડનું ઢાંકણ ભેદી રીતે ગાયબ થઈ જતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્રની 'આંખે પાટા' જેવી નીતિને કારણે અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે લોખંડના કિંમતી ઢાંકણોની ચોરી પાછળ મોટું નેટવર્ક કામ કરી રહ્યું છે. લોખંડના ઢાંકણ ગાયબ થયા બાદ તંત્ર દ્વારા ત્યાં સિમેન્ટના અત્યંત નબળા અને તકલાદી ઢાંકણ મૂકી દેવામાં આવે છે. જ્યારે આ રસ્તા પરથી ભારે વાહનો પસાર થાય છે, ત્યારે આ તકલાદી ઢાંકણ તૂટી જાય છે અને ગટર ફરી ખુલ્લી થઈ જાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં



કોન્ટ્રાક્ટર અને તંત્રની મિલીભગતથી મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. દંતેશ્વર વિસ્તારના જાગૃત નાગરિકોની માંગ છે કે કોઈ નિર્દોષ પશુ કે માનવી આ ગટરમાં ખાબકે અને જીવ ગુમાવે તે પહેલાં તંત્ર સફાળું જાગે. વરસાદી ગટર પર મજબૂત અને ટકાવ ઢાંકણ તાત્કાલિક અસરથી બેસાડવામાં આવે તેવી લોક લાગણી પ્રબળ બની છે. જો વહેલી તકે કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

---

### આધેડને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી

# રિવર્સ લેતી વેળા કાર ચાલકે સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.30

વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં ભારત ફ્લોર મિલ પાસે રફતાર અને બેદરકારીના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. એક સફેદ રંગની કારના ચાલકે રોંગ સાઈડે રિવર્સ લેતા સાયકલ સવાર શ્રમજીવી આધેડને જોરદાર ટક્કર મારી દીધી હતી. ટક્કર બાદ કાર ડિવાઈડર પર ચડી જતાં વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

અકસ્માતમાં સાયકલ સવાર આધેડને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં સ્થળ પર એકત્ર થયા હતા અને ઈજાગ્રસ્તને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી કારચાલક




સામે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શહેરમાં વધી રહેલા અકસ્માતોને લઈને લોકોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે અને ટ્રાફિક નિયમોના કડક અમલની માંગ ઉઠી રહી છે.

---

### કોઈ બાળક પડી ગયુ હોત તો જવાબદાર કોણ ?

# કારેલીબાગ વિસ્તારમાં ખુલ્લી વરસાદી ચેમ્બરમાં ગાય ખાબકી

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૩૦

વડોદરા મહાનગરપાલિકાની વધુ એક ગંભીર બેદરકારી કારેલીબાગ વિસ્તારમાં સામે આવી છે, જ્યાં ખાનગી સ્કૂલ નજીક આવેલી ખુલ્લી વરસાદી ચેમ્બરમાં એક ગાય પડી જતા ફાયર બ્રિગેડના જવાનો દ્વારા તાત્કાલિક રેસ્ક્યુ કરી તેનો જીવ બચાવવામાં આવ્યો હતો. ઘટનાએ ફરી એકવાર શહેરમાં ખુલ્લી ચેમ્બરોના પ્રશ્નને ચર્ચાના કેન્દ્રમાં લાવ્યો છે.

મળતી માહિતી મુજબ કારેલીબાગ હરણી રોડ પર ન્યુ હોરીઝોન સ્કૂલ પાછળ અને નાગેશ્વર મંદિર નજીક આવેલી નાની વરસાદી ચેમ્બરમાં ગાય પડી ગઈ હતી. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને સલામત રીતે ગાયને બહાર કાઢી હતી. સબ ફાયર ઓફિસર રવિન્દ્ર કદમે જણાવ્યું હતું



કે, વિસ્તારમાં અનેક ગટરો ખુલ્લી હાલતમાં છે, જે જોખમકારક છે.

અગાઉ પણ આવી જ ઘટનામાં ગર્ભવતી ગાયનું મોત થયાનું સામે આવ્યું હતું. સ્કૂલના ગ્રાઉન્ડ નજીક ખુલ્લી ચેમ્બરો હોવાને કારણે બાળકો માટે પણ ગંભીર અકસ્માતની શક્યતા ઉભી થઈ રહી છે. ફાયર બ્રિગેડ દ્વારા તંત્રને તાત્કાલિક ચેમ્બરો બંધ કરવાની સૂચના આપવામાં આવી છે.

---

### ડોક્ટરોએ પણ વેચાતા જગ મંગાવવા પડ્યા

# સયાજી હોસ્પિટલમાં વિકાસના દાવાઓ વચ્ચે પીવાના પાણીની વ્યાપક બૂમરાણ

(પ્રતિનિધિ), વડોદરા. તા.30

વડોદરાની શાન સમાન સયાજી હોસ્પિટલમાં ઉનાળાના પ્રારંભે જ વરવી વાસ્તવિકતા સામે આવી છે. એક તરફ સૂર્યદેવ આકરા પાણીએ છે, ત્યારે બીજી તરફ હોસ્પિટલના દર્દીઓ અને તેમના સ્વજનો ટીપે-ટીપે પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ ગંભીર બેદરકારીને પગલે સામાજિક કાર્યકર દીપક પાલકરે હોસ્પિટલ તંત્ર અને સત્તાધારી ભારતીય જનતા પાર્ટી સામે મોરચો માંડ્યો છે. દીપક પાલકરે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી હંમેશા વિકાસના મસમોટા બણગાં ફૂંકે છે, પરંતુ વડોદરાની સૌથી મોટી સરકારી હોસ્પિટલની હાલત કફોડી છે. ગરીબ દર્દીઓ દૂર-દૂરથી સારવાર માટે આવે છે, પરંતુ તેમને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં પણ તંત્ર નિષ્ફળ ગયું છે. હોસ્પિટલમાં પાણીની અછત




એટલી હદે વકરી છે કે માત્ર દર્દીઓ જ નહીં, પરંતુ ફરજ પરના ડોક્ટરોએ પણ પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે. પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે ડોક્ટરોએ પોતાના ખર્ચે બહારથી પીવાના પાણીના જગ મંગાવવાની નોબત આવી છે. જો ભગવાન સમાન ગણાતા ડોક્ટરોની આ હાલત હોય, તો સામાન્ય દર્દીઓની શું વિસાત ? મુખ્ય મુદ્દાઓ જે તંત્ર સામે સવાલ ઉઠાવે છે, ખાનગી હોસ્પિટલોના ખર્ચ ન પરવડતા લોકો સરકારી હોસ્પિટલ આવે છે, ત્યાં પણ જો પાણી વેચાતું લેવું પડે તો 'મફત સારવાર'નો અર્થ શું ? હોસ્પિટલના સત્તાધીશોને ઉનાળા પૂર્વે જ આયોજન કરવાની સમજ કેમ ન પડી ? હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું સયાજી હોસ્પિટલનું તંત્ર અને મસમોટા વાયદા કરતી સરકાર જાગશે ખરી ? જો તાત્કાલિક ધોરણે પાણીની વ્યવસ્થા નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં આંદોલનના મંડાણ થઈ શકે છે.

---

# ચેક બાઉન્સના ગુનામાં ફરાર બે આરોપી ગોરવા પોલીસના હાથે ઝડપાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.30

વડોદરા શહેરમાં કોર્ટ દ્વારા સજા ફટકારાયા બાદ ફરાર થઈ ગયેલા બે આરોપીઓને ગોરવા પોલીસે ઝડપી પાડ્યા છે. કોર્ટ દ્વારા સજા કરાયેલા આરોપીઓ ધરપકડથી બચવા માટે લાંબા સમયથી નાસતા ફરતા હતા. ગોરવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.એન. લાઠીયાની ટીમે આરોપીને શોધી કાઢવા માટેની કામગીરી હાથ ધરી હતી. તપાસ દરમિયાન 7માં સિનિયર સિવિલ જજ અને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ તેમજ એડિશનલ સ્મોલ કોઝ કોર્ટ વડોદરા દ્વારા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ સજા પામેલા આરોપીઓ વિજયસિંહ રણજીતસિંહ પરમાર અને વિક્રમસિંહ પ્રતાપસિંહ રાણા લાંબા સમયથી ફરાર હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ટેકનિકલ અને હ્યુમન સૂત્રોના આધારે બંને આરોપીઓને તેમના રહેણાંક સ્થળેથી ઝડપી પાડ્યા હતા.

---

### પોલીસ મોડી પહોંચતા લોકોમાં રોષ

# નવાયાર્ડમાં યુવક લોહીલુહાણ હાલતમાં મળતાં ચકચાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.30

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં આવેલા પંજાબ રોલિંગ નજીક રવિવારે રાત્રિના સમયે એક યુવક લોહીલુહાણ હાલતમાં જોવા મળતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. યુવકની સ્થિતિ ગંભીર જણાતા આસપાસના લોકો મોટી સંખ્યામાં સ્થળ પર એકત્રિત થઈ ગયા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પોલીસને જાણ કરવામાં આવ્યા છતાં સમયસર પોલીસ સ્થળ પર નહીં પહોંચતાં લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. લોકોએ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી હતી અને રાત્રિના સમયે પૂરતી પેટ્રોલિંગ ન થતી હોવાના આક્ષેપો પણ કર્યા હતા.

આ દરમિયાન 108 એમ્બ્યુલન્સ સમયસર ઘટનાસ્થળે પહોંચી જતા



ઈજાગ્રસ્ત યુવકને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે યુવકની બાઈક સ્લીપ ખાઈ જતા તે રોડ પર જોરદાર પટકાયો હતો, જેના કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.